## જન્મદિને વધામણી


આકાશ નારણભાઈ પટેલ
વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરિવાર


ડો. વિવેક વાછાણી


પી સી ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪


કિરણભાઈ પટેલ
રોટરી ક્લબ


સન્ની સુખડિયા


દિશા ગૌરાંગ પટેલ


કીથ ભાવેશ કાપડિયા

# વીપીએમપી પોલીટૅકનીક ખાતે ત્રણ સર્ટિફિકેટ કોર્સનું ઉદ્‌ઘાટન



વીપીએમપી પોલીટૅકનીક, ગાંધીનગર ખાતે ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયાના કાર્યક્રમ 'સ્કિલ ઈન્ડિયા' અંતર્ગત વિદ્યાર્થીઓમાં જીટીયુના સિલેબસ ઉપરાંત વધારાની પ્રૅક્ટિકલ સ્કિલ વિકસે તે હેતુથી મંગળવારે ઈન્ડસ્ટ્રી ઍક્સપર્ટ અંકિત જોશી (મૅનેજર, રત્નમણિ ટ્યુબ ઍન્ડ પાઈપ), અક્ષય મિસ્ત્રી (મૅનેજિંગ ડિરેક્ટર, પુષ્પક ગ્રીન ઍન્ડ ક્લિન ઍનર્જી) અને શરદ જાની (ડિરેક્ટર, ઍમ્પલ સોલાર પ્રા. લિ.) દ્વારા સોલાર ઍનર્જી સિસ્ટમ અને ઍલઈડી ટૅકનોલૉજી, ઈન્ડસ્ટ્રીયલ ઑટોમેશન અને વાયરીંગ તથા ઑટોમોબાઈલ વિહિકલ મૅન્ટેનન્સ એમ ત્રણ સર્ટિફિકેટ કોર્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

### ધો.૧૦ના બોર્ડના ગણિતના પરીક્ષાર્થીઓ માટે અનોખી ભેટ

# 'ગણિત ગમે છે' પુસ્તકનું શિક્ષણમંત્રીના હસ્તેવિમોચન

ગાંધીનગર, તા. ૧૧

ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલય છેલ્લા ૨૦ વર્ષથી ગણિત અને વિજ્ઞાનના મદદનીશ શિક્ષિકા તરીકે કાર્યરત જાગૃતિબેન રસીકલાલ વકીલ દ્વારા પુરસ્કૃત થયેલ અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના સૌજન્યથી ધો.૧૦ બોર્ડના નબળા વિદ્યાર્થીઓને પાસ થવા અત્યંત ઉપયોગી એવા 'ગણિત ગમે છે' પુસ્તકનું તાજેતરમાં ગાંધીનગર ખાતે રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને કૃષિમંત્રીશ્રી આર.સી.ફળદુના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. મંત્રીઓએ આ પુસ્તકના નિર્માણ બદલ જાગૃતિબેન વકીલને અભિનંદન પાઠવ્યા હતા.





એસ.એસ.સી. બોર્ડની લેવાનાર પુરક પરીક્ષામાં ગણિત વિષયની પરીક્ષા આપનાર રાજ્યના પુરક પરીક્ષાર્થીઓને પાસ થવા માટે મદદરૂપ થશે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક સંઘના અધ્યક્ષ અને એસએસસી બોર્ડના સભ્ય નારણભાઈ પટેલે 'ગણિત ગમે છે' પુસ્તકના નિર્માણ બદલ જાગૃતિબેન વકીલને અભિનંદન પાઠવ્યા હતા.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુ એ રાજયના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા જાગૃતિબેન વકીલના ૨૦ વર્ષના શિક્ષણના નિચોડરૂપે પુસ્તક તૈયાર કરી ગુજરાતના રિપિટર વિદ્યાર્થીઓને વિનામૂલ્યે સુપરત કર્યુ છે તે ભાવનાને શિક્ષણના સિમાચિન્હ ગણાવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સેવાનિષ્ઠ બાળકો માટે સફળતા પૂરી પાડનાર સહયોગના પ્રયાસને બિરદાવ્યો હતો.

શ્રીમતી જાગૃતિબહેને રાજ્ય સરકારના નિર્ણય માટે આભાર સાથે આનંદની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે, બહુ નજીકના ભવિષ્યમાં આ પુસ્તિકામાં ગણિત સાથે વિજ્ઞાન વિષયને પણ સાંકળી ધો.૧૦ના બાળકોને વધુ મદદરૂપ થવાની ભાવના વ્યક્ત કરીને એમના આ સ્તુત્ય અભિગમ બદલ સમગ્ર શિક્ષણ જગતમાં આનંદની લાગણી ફેલાઈ છે ત્યારે સુશ્રી જાગૃતિબહેને આ સમગ્ર યશના અધિકારી પોતાની શાળા માતૃછાયાની વહાલી દીકરીઓને અને શાળા પરિવારને આભારી હોવાનું જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનાશે

## ૧૨મી ઑગષ્ટે વિદ્યા પુરસ્કાર સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા માટે વિદ્યા પુરસ્કાર કાર્યક્રમ યોજવામાં આવે છે.

ચાલુ સાલે પણ વિદ્યા પુરસ્કાર કાર્યક્રમ તા. ૧૨ ઑગષ્ટના રોજ સર્વ વિદ્યાલય પરિસર સ્થિત હૉલમાં બપોરે બેથી ૬ વાગ્યા દરમિયાન યોજાઈ રહ્યો છે. સંસ્થા દ્વારા સમાજના સભ્યોના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓને પોતાના ગુણપત્રકની પ્રમાણિક કરેલ નકલ અને નિયત ફોર્મ ભરી સંસ્થાના હેમાંગભાઈ દોશી કે સૅક્ટર પ્રતિનિધિને મોડામાં મોડી તા. ૩૧ જુલાઈ સુધીમાં જમા કરાવી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે. વિદ્યા પુરસ્કાર માટે ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ ધ્યાને લેવામાં આવશે તથા ૩૧ જુલાઈ પછી મળેલા ગુણપત્રક, ફોર્મ ધ્યાને લેવામાં નહીં આવે એમ આ અંગેની એક અખબારી યાદીમાં પ્રદીપભાઈ ગગલાણી દ્વારા જણાવવામાં આવ્યું છે. કાર્યક્રમની વધુ વિગતોની જાણ દરેક સભ્યને ટપાલથી કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

### ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજની સિદ્ધિ

ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજના અનુસ્નાતક કેન્દ્રના એમ.એ. સેમેસ્ટર-૪ માં મુખ્ય વિષય સંસ્કૃત સાથે અભ્યાસ કરતી કુ.કિંજલ તથા કુ.કોમલે ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાં અનુક્રમે ૨૯ તથા ૩૨ મું સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. અનુસ્નાતક વિભાગના પ્રોફેસર ઈન્ચાર્જ ડૉ. યોગિનીબેન વ્યાસ, ડૉ. જયરામભાઈ પટેલ તથા ડૉ. શિલ્પાબેન પટેલે બંને વિદ્યાર્થીનીઓને કોલેજ પરિવાર વતી અભિનંદન પાઠવ્યા છે.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા દ્વિદિવસીય તાલીમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

કામધેનુ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા રાજ્યમાં સૌપ્રથમ બે દિવસીય તાલીમ કાર્યક્રમ 'ડેટા ઍનાલિસીસ યુઝીંગ આર પ્રોગ્રામિંગ'નું આયોજન થઈ રહ્યું છે.

આ કાર્યક્રમ ઈન્ફર્મેશન અને લાયબ્રેરી નેટવર્ક સૅન્ટર (ઈન્ફિલબનેટ), ગાંધીનગર ખાતે આગામી તા. ૧૬-૧૭ જુલાઈના રોજ યોજાઈ રહ્યો છે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી ઍચ વાટલિયા અધ્યક્ષસ્થાને બિરાજમાન થશે. આ તાલીમ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. જગદીશ અરોરા, ડિરેક્ટર, ઈન્ફલીબનેટ, ગાંધીનગર અને મુખ્ય માર્ગદર્શક તરીકે ડૉ. જીવા જોસ, સહપ્રાધ્યાપક, બીપીસી કૉલેજ, પીરવમ, કેરાલા, ડૉ. ડી બી પાટીલ, સંશોધન નિયામક, કામધેનુ યુનિવર્સિટી ઉપરાંત રાજયની કૃષિ યુનિવર્સિટીઝ તથા અન્ય સંસ્થાઓના વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહેશે.

આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુજરાત રાજયમાં થતા કૃષિ, પશુપાલન તથા પશુચિકિત્સા, મત્સ્યપાલન અને ડેરી વિજ્ઞાન વિષયોમાં થતા વૈજ્ઞાનિક સંશોધનોની માહિતીનું આંકડાકીય વિશ્લેષણ 'આર પ્રોગ્રામિંગ' સૉફ્ટવૅર દ્વારા કરી ડેટાબેઝમાં સ્ટાન્ડર્ડ પ્રોગ્રામિંગ ક્ષમતાને ગુણવત્તાયુક્ત આલેખો અનો કોષ્ટકો સ્વરૂપે અત્યાધુનિક રીતે રજૂ કરી શકાશે.

# મહર્ષિ અત્રિ પ્રાથમિક શાળા ખાતે ૧૦૮ તત્કાલ સેવા અંગે નિદર્શન



મહર્ષિ અત્રિ પ્રાથમિક શાળા ખાતે ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ૧૦૮ ઈમર્જન્સી સેવાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ૧૦૮ના કર્મચારીઓએ વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા તથા ૧૦૮ અંતર્ગત અપાતી સેવાઓનો વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને ૧૦૮ મોબાઈલ ઍપ્લિકેશન અંગે પણ વિગતે માહિતી પૂરી પાડી હતી.

### એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના

# વિદ્યાર્થીઓનો ગાયનેકોલોજીસ્ટ સાથે વાર્તાલાપ





એસ.જી..અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૫ થી ૮ ના વિધ્યાર્થીઓનો તા-૧૧-૦૭-૨૦૧૮ને બુધવારના રોજ ગાંધીનગર ઉક્તિ મેટરનીટી હોમ અને ફર્ટિલીટી સેન્ટરના ડૉ ચિરાગ જોશી (એમ.ડી.જી.ઓ.) સાથે વાર્તાલાપનું આયોજન થયું હતું.. સબાળકોને આ કાર્યક્રમમાં હેલ્ધી ફૂડ વિષે તેમજ વિદ્યાર્થિની શારીરિક ફેરફારો વિષે અવગત કરાવ્યા હતા તેમજ બાળકો સાથે પ્રશ્નોતરી પણ થઈ હતી.

# ઉત્તમ બાળ ઉછેર એક સાધના છે, યોગ છે, પડકાર છે



અબીલ-ગુલાલ
મમતા રાવલ

શાળાઓનું વેકેશન સમાપ્ત થયું અને નવા સત્રના આરંભ થયાની વાત ગયા અઠવાડિયે થઈ. આજે એ વાત થોડી વધુ આગળ વધારવાની ઈચ્છા છે... શાળાઓનું વેકેશન, શિક્ષણ સત્રની શરૂઆત બધું જ સમાજ પર ખૂબ ગહેરો પ્રભાવ ધરાવે છે. વેકેશન પુરું થતાં જ સ્ટેશનરીની દુકાનો ધમધમવા માંડે છે. સ્કુલબેગ્સ-લંચબોક્સ-વોટર બોટલના નવા મોડેલ્સ માર્કેટમાં મુકાય છે. બાળકોને મૂકવા-લેવાનું કામ કરતાં વાહનોવાળા સજ્જ થઈ જાય છે. બુટ-ચંપલ, યુનિફોર્મ, બાળકો—વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુઓનું માર્કેટ ધમધમવા લાગે છે. એ પછી ટ્યુશન ક્લાસીસ અને ઈતરપ્રવૃતિના ક્લાસીસની વણઝાર શરૂ થાય છે. ટ્રાવેલ એજન્સીવાળા પોતાની ટૂર ગોઠવવા માટે પણ સ્કુલોના વેકેશનને ધ્યાને રાખે છે. આમ એક બહુ મોટો વર્ગ શાળા—વિદ્યાર્થીઓની આસપાસ પોતાની જિંદગી જીવે છે. શાળા અને વિદ્યાર્થીઓ મોટા ભાગના લોકો માટે આજીવિકાનું મોટું માધ્યમ છે. વર્ષ દરમ્યાન સતત આ પ્રક્રિયા ચાલતી રહે છે. આ બધા દરમ્યાન સૌથી વધુ અટવાયેલા દેખાય છે પોતાના બાળકને સારું શિક્ષણ-સારી રીતે અપાવવા ઈચ્છતા માતા-પિતા. અહી પણ હરિફાઈ અને સરખામણી પીછો નથી છોડતી... દરેક બાબતમાં

તાણ ઝીલતાં-ઝીલતાં, માતા-પિતા પોતાની ક્ષમતા અને સમજ પ્રમાણે બાળકને શ્રેષ્ઠ આપવા કમર કસે છે. આ બધી જ મથામણ પછી પણ વાસ્તવિકતાઓ કંઈક જુદી જ હોય છે બાળકના શિક્ષણની મથામણ... બાળક શાળામાં ગોઠવાશે કે નહીં તેની ચિંતાપ શિક્ષક અને સહાધ્યાયીઓ સાથે સાનુકૂળતા થશે કે કેમ, ભણવામાં અને પ્રવૃતિઓમાં એનો રસ-રુચી કેવા રહેશે..? ઓહ !

કંઈ કેટલીય બાબતોથી માતા-પિતાનું મન સતત તાણ અનુભવે છે. સતત એજ ચિંતન ચાલતું રહે છે કે, મારા સંતાનને ઉત્તમ આપવામાં અમે ઊણા ન રહી જઈએ. આજના સમયમાં એક જ સંતાનવાળા વાલીઓ વધુ જોવા મળે છે. જે પોતાનું શ્રેષ્ઠ આપીને બાળકને શ્રેષ્ઠતમ બનાવવાનો પડકાર જીવતા હોય છે. આ બધી જ, વિવિધ પ્રકારની યાત્રાઓ એક કુમળા છોડને ઉછેરવા માટે કરવામાં આવે છે. સારી સ્કુલોના સર્વેથી શરૂ થઈ આ સફર કોલેજના શિક્ષણ સુધી સતત ચાલતી રહે છે. કેટલા માનવ કલાકો, પૈસા અને ઉર્જા આ પુસ્તકિયા શિક્ષણ પાછળ ખર્ચ થાય છે. આ ખર્ચથી દબાયેલી વ્યક્તિ જીવન ઉપયોગી શિક્ષણનું માહાત્મ્ય જ વિસરી જાય છે. પૈસા, હોદ્દો અને સત્તા મેળવવામાં મદદરૂપ થનાર આ શાળા-કોલેજના શિક્ષણ સિવાયના બીજા સંસ્કારલક્ષી શિક્ષણનું મહત્વ

**દુનિયાના પ્રવાહને બદલવાનું આપણા હાથમાં નથી, પરંતુ આપણા બાળકને એ પ્રવાહમાં તણાયા વિના તરતાં શીખવવાનું આપણા હાથમાં છે. આજનું બાળક ટેકનોલોજીનો ઉપયોગ ગર્ભમાંથી શીખીને આવે છે ત્યારે એના પ્રત્યે પણ એને યોગ્ય સમયે, યોગ્ય સમજ કેળવાય એ જોવાની જવાબદારી આપણી છે. સારા પુસ્તકો અને સારા મિત્રોની સોબત કદાચ આ ભાર હળવો કરી શકે. બાળકનો અહમ્ એટલો ન પોષાય કે એ, એને છંછેડનારું કારણ બની જાય અને એ ખલેલથી બચવા એ લાગણી શૂન્યતાની સ્થિતિમાં જીવવાનું વધુ પસંદ કરવા લાગે, એકલતામાં વિચરવા લાગે અને એ અસહય થઈ પડતા, ટૂંકા-અયોગ્ય માર્ગ પર જીવન ફેંકી દે. વધુ પડતી પ્રશંસાનો દારૂ પણ બાળકને અહમવાદી બનાવવામાં મોટો ભાગ ભજવે છે. સમય જતા પરિવાર માટે જ એ સમસ્યા બની જાય છે. બાળકથી વ્યક્તિ બનવાની યાત્રા માતા-પિતા, પરિવાર બધાની સમજ અને ગુણવત્તાસભર સમય માંગી લે છે.**

ભૂલાઈ જાય છે. 'હવે બધું પહેલા જેવું નથી રહ્યું' - આ વિધાન બોલનાર અને સાંભળનાર બંને માટે આ ચિંતા અને ચિંતનનો વિષય હોવો જોઈએ. સરકાર સારો વ્યક્તિ અને સમાજ રચવામાં યોગદાનના ભાગરૂપે 'ચિલ્ડ્રન યુનિવર્સિટી'નું નિર્માણ કરે, ત્યાં સારા-જીવનલક્ષી શિક્ષણનું વાતાવરણ પૂરું પાડવામાં આવે, સગર્ભાથી શરૂ કરીને બાળકને શીશુકાળમાં સંસ્કારલક્ષી શિક્ષણના પ્રયત્નો હાથ ધરવામાં આવે... પરંતુ એનો લાભ લેવો, જાગ્રુત બનવું એ સમાજમાં વસતા આપણા સહુની જવાબદારી છે. આમ જુઓ તો આ પ્રત્યેક પરિવારની જવાબદારી છે કે, અમારું સંતાન પહેલા એક સારો માનવી અને જવાબદાર નાગરિક બને. એના દ્વારા સમાજમાં સારું યોગદાન આપી પોતે ગર્વ અનુભવે. આ વાંચનાર બધા કદાચ આ વાત સાથે સંમત થાય કે ન પણ થાય પરંતુ ઈતિહાસ ગવાહ છે કે સારી ટેવો, સાચો અભિગમ અને સારા-નરસાની સમજ ઘર-પરિવારમાંથી જ બાળક મેળવી શકે છે. જેટલી મહેનત બાળકના શાળાકિય શિક્ષણ પાછળ થાય છે એમાંની દસ ટકા પણ જો બાળકના માનસ ઘડતર પાછળ, જીવનલક્ષી કેળવણી પાછળ ખર્ચાય તો કદાચ ઘણી દુવિધાઓનો અંત આવી જશે. આજકાલ સંતાનોને કંઈ કહેવું અને એમને યોગ્ય બાબતો સમજાવવી; કપરું કામ થઈ ગયું છે. એટલે જ સમયનો વ્યય ન કરતાં કુમળી વયથી જ એને જીવનલક્ષી, યોગ્ય બાબતોનું માર્ગદર્શન મળવું જરૂરી બની જાય છે. અતિશય લાડ-પ્યાર, ખૂબ બધી સવલતો અને કાળજી વચ્ચે ઉછરતા આજના બાળકો જીવનની વાસ્તવિકતાઓ, પડકારો, અનેક જુદી—જુદી મથરાવટી સાથેની માથાકુટમાં મુકાય છે ત્યારે નબળા પડી જાય છે. આત્મવિશ્વાસ ગુમાવીને પોતાને અથવા બીજાને નુકસાન કરી ગુનાની દુનિયામાં ધકેલાઈ જાય છે, ત્યારે મા-બાપ આઘાત અનુભવે છે. બાળકને, વ્યક્તિ બનાવતાં બનાવતાં આવા અનેક પડાવોમાંથી માતા-પિતા અને બાળક પસાર થાય છે, ત્યારે જે યાતના અનુભવાય છે એનું વર્ણન અશક્ય છે. બાળકને અસામાન્ય સંજોગોમાં ટટ્ટાર ઉભા રહેતાં શીખવવું એ પરિવારની જવાબદારી છે. જાત પર શ્રધ્ધા સાથે પરમતત્વ પરની શ્રધ્ધા એનામાં કેળવવી એ પણ એટલું જ જરૂરી છે. સુટેવો થકી એ પોતાના જીવનનું સુપેરે સંચાલન કરી શકે એ માટે એને વારસામાં રોજીંદા જીવનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવું એ વાલીનું કર્તવ્ય છે. માત્ર વાલી જ નહીં પરિવારમાં હાજર સહુ આ બાબતો પ્રત્યે સતર્કતા કેળવે તો જ આ કેળવણી શક્ય છે. સુટેવોમાં ઘણી બાબતોનો સમાવેશ થઈ શકે. જેમ કે, સવારે જાગવાથી શરૂ કરીને રાત્રે સુવા સુધીમાં નાહવું-ધોવું, પ્રભુ પ્રાર્થના, જમવાના સમય અને પસંદ-નાપસંદ, રમવું, જવાબદારીપૂર્વક ભણવું, વિનય-વિવેક, સ્વચ્છતા, ઘરકામમાં મદદ, સંબંધોની માવજત વગેરે-વગેરે સુટેવો ધરાવતું બાળક હદયને શાતા આપે છે. આજકાલ માતા બાળકની એટલી વધુ ચિંતા કરે છે કે, એની સ્કુલબેગ પણ પોતે ઉંચકી લઈ એના ભારને હળવો કરે છે, પરંતુ બાળક પોતાની જવાબદારી પોતે ઉપાડે અને સુપેરે નિભાવે એવી ઈચ્છા રાખતા માતા-પિતા આવી દરેક નાની—નાની બાબતોમાં મનોવૈજ્ઞાનિક રીતે વર્તીને બાળકને જીવનના ઘોડા પર સવારી કરવા તૈયાર કરે તો આગળ જતા જીવનમાં આવતાં ઘણા પ્રશ્નો હલ થઈ શકે. વિસંવાદિતાઓનું વિસર્જન, વાલીઓના વિવેકપૂર્ણ વ્યવહાર અને સિંચનથી જ શક્ય છે. અનેક ભારણ તળે દબાયેલા શિક્ષકો અને શાળા પાસેથી જ માત્ર અપેક્ષા રાખ્યા વિના આ જવાબદારી આપણે ઉપાડવી પડશે, ''એક મા સો શિક્ષક ની ગરજ સારે'' એ સનાતન સત્ય છે. માતાને પ્રભુએ 'મા' નો દરજ્જો આપીને વિશેષ જવાબદારી આપી છે.

દુનિયાના પ્રવાહને બદલવાનું આપણા હાથમાં નથી, પરંતુ આપણા બાળકને એ પ્રવાહમાં તણાયા વિના તરતાં શીખવવાનું આપણા હાથમાં છે. આજનું બાળક ટેકનોલોજીનો ઉપયોગ ગર્ભમાંથી શીખીને આવે છે ત્યારે એના પ્રત્યે પણ એને યોગ્ય સમયે, યોગ્ય સમજ કેળવાય એ જોવાની જવાબદારી આપણી છે. સારા પુસ્તકો અને સારા મિત્રોની સોબત કદાચ આ ભાર હળવો કરી શકે. બાળકનો અહમ્ એટલો ન પોષાય કે એ, એને છંછેડનારું કારણ બની જાય અને ખલેલથી બચવા એ લાગણી શૂન્યતાની સ્થિતિમાં જીવવાનું વધુ પસંદ કરવા લાગે, એકલતામાં વિચરવા લાગે અને એ અસહય થઈ પડતા, ટૂંકા-અયોગ્ય માર્ગ પર જીવન ફેંકી દે. વધુ પડતી પ્રશંસાનો દારૂ પણ બાળકને અહમવાદી બનાવવામાં મોટો ભાગ ભજવે છે. સમય જતા પરિવાર માટે જ એ સમસ્યા બની જાય છે. બાળકથી વ્યક્તિ બનવાની યાત્રા માતા-પિતા, પરિવાર બધાની સમજ અને ગુણવત્તાસભર સમય માંગી લે છે. દંપતી બાળક લાવવાના નિર્ણય સાથે આ બધી બાબતો માટે માનસિક તૈયાર નથી હોતું. ક્યારેક હજુ પુખ્તતાના આંગણે કદમ મૂકનાર યુવક-યુવતીના જીવનમાં એક ફૂલ જેવું કોમળ અને કોરી સ્લેટ જેવું બચપણ અવતરે છે ત્યારે એ આનંદના અતિરેકમાં એની સાથે જોડાયેલી અનેક બાબતો વિસારે પડે છે. જાગૃતતા કેળવાય ત્યાં સુધી બાળકના જીવનનો મહત્વનો પડાવ પસાર થઈ જાય છે. ઉત્તમ બાળ ઉછેર એક સાધના છે... યોગ છે... પડકાર છે સાથે આનંદ છે... આશા છે... ઉષ્મા છે. એની પ્રત્યેક પળ જીવનને ચેતનવંતુ બનાવે છે. બાળક સાથે પરિવાર ફરીથી સમગ્ર જીવન દોહરાવે છે, અને સાથે-સાથે હુંફાળા માળામાં એક નવા વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. આપણને સહુને આ વાત સૂક્ષ્મતાથી સમજવાની શક્તિ આપે એ માટે પ્રભુને પ્રાર્થના.